આદર્શ નિવાસી શાળા(અગરિયા) કન્યા, સુરેન્દ્રનગર માટે મકાન ભાડે રાખવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧

સચિવાલય, ગાંધીનગર.

તા...../૦૨/૨૦૨૩

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૧૫/૧૧/૨૦૧૮નો ઠરાવ ક્ર: અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧

(૨) આ વિભાગનો તા.૧૧/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્ર: અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧

(૩) આ વિભાગનો તા.૦૯/૦૨/૨૦૨૧નો ઠરાવ ક્ર: અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧

(૪) આ વિભાગનો તા.૩૦/૦૫/૨૦૨૨નો ઠરાવ ક્ર: અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૧/૧૨/૨૦૨૨નો પત્ર ક્ર:વિજાક/આનિશા/૨૦૨૨-૨૩/ ૮૧૪-૧૫

આમુખઃ-

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૫/૧૧/૨૦૧૮ના ઠરાવથી આદર્શ નિવાસી શાળા(અગરિયા) કન્યા, સુરેન્દ્રનગર માટે શ્રી રાણુભા જી. પઢિયાર, ૭, શ્રદ્ધા સોસાયટી, ૮૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગરનું સ્વતંત્ર માલિકીનું સર્વે નં.૧૭૨૩ પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૯ હેઠળની મિલકતનું મકાન માસિક રૂ.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ દશ હજાર પુરા) અથવા માર્ગ અને મકાન વિભાગ નક્કી કરે તે પૈકી જે ઓછું હોય તે પ્રમાણે મકાનનો કબજો લેવામાં આવે તે તારીખથી એક વર્ષ માટે ભાડે રાખવાની શરતોને આધીન મંજૂરી આપવામાં આવેલ હતી. સદરહુ મકાનના કબજાની મુદત પૂર્ણ થતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨), (૩) અને (૪) પરના અનુક્રમે તા.૧૫/૧૧/૨૦૧૯, તા.૦૯/૦૨/૨૦૨૧ના અને તા.૩૦/૦૫/૨૦૨૨ના અલગ-અલગ ઠરાવોથી વખતોવખત મુદતમાં વધારો કરી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી મકાન ભાડે રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. આ મુદત તા.૩૧/૧૨/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ હોવાથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના તા.૩૧/૧૨/૨૦૨૨ના પત્રથી સદરહુ મકાન તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી ભાડેથી ચાલુ રાખવા માટેની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા(અગરિયા) કન્યા, સુરેન્દ્રનગર માટે શ્રી રાણુભા જી. પઢિયારનું સ્વતંત્ર માલિકીનું સર્વે નં.૧૭૨૩ પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૯ હેઠળની મિલકતનું મકાન માસિક રૂ.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ દશ હજાર પુરા)ના ભાડેથી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી અથવા સરકારી મકાન ઉપલબ્ધ થાય તે બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ભાડે રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.

(૨) આ મકાનમાં આદર્શ નિવાસી શાળાને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૩) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે. તમામ બાથરૂમ/સંડાસ સ્વચ્છ રાખવાની તથા મેઈન્ટેન્સની જવાબદારી મકાન માલિકની રહેશે.

(૪) મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઈટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૫) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૭) આ મકાન ભાડે રાખ્યા બાદ ૦૧(એક) વર્ષમાં આ આદર્શ નિવાસી શાળા માટે સરકારી મકાન બનાવવા માટેની હવે પછીની તમામ કાર્યવાહી માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં ઝડપથી પૂર્ણ કરવાની જવાબદારી નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણની કચેરીની રહેશે.

(૮) ફાયર સેફટી અંગેની વખતોવખતની સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2023.02.13 16:38:20 +05:30

File No: SJED/ACM/e-file/17/2022/1479/A-1 Section
Approved By: R. J. Kharadi(DS,A Section,SJED)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૯) આ મકાનનો વેરો(સુરેન્દ્રનગર-દુધરેજ નગરપાલિકા) મકાનમાલિકે ભરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૮/૦૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અનુવયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી,

વિકસતી જાતિ કલ્યાણ,

ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સુરેન્દ્રનગર

(૪) નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર [નિયામકશ્રી (વિ.જા.ક.) મારફત]

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.

(૭) સિલેકટ ફાઇલ

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2023.02.13 16:38:20 +05:30

Open the document in Adobe Acrobat DC to verify the E-sign